ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૧૫.૧૨.૨૦૧૭

------------

# ગુજરાતને ઉંચાઇ પર લઇ જવા સૌ સાથે મળી કાર્યરત થઈએ

------------

## લોકશાહીના મહાપર્વ ચૂંટણીને સૌએ શાંતિપૂર્ણ રીતે ઉજવ્યું તે "ન્યુ ગુજરાત"ના નિર્માણમાં મહત્વનું બનવાનું છે

------------

### નકારાત્મકતાને છોડીને હકારાત્મકતાને આગળ વધારી પ્રગતિના માર્ગ પર આગળ વધવાં સૌને અનુરોધ

------------

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતા જનાર્દનને લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન કરીને "ન્યુ ગુજરાત"ના નિર્માણમાં મહત્વનું દિશાદર્શન કર્યું છે તે બદલ અભિનંદન આપ્યા છે. ભાજપાના સમગ્ર ગુજરાત પરિવાર વતી આભાર માન્યો છે.

તેઓશ્રીએ જણાવ્યું હતુ કે, લોકશાહીનું મહત્વનું ઘરેણું એ ચૂંટણી છે. લોકોને પોતાનો અભિપ્રાય આપવાનો એ મહત્વનો અવસર હોય છે. ચૂંટણીમાં પોતાની વાત લોકો પોતાની રીતે પ્રજાની વચ્ચે રાખતા હોય છે. ચૂંટણી હવે પૂર્ણ થઇ ગઇ છે ત્યારે ગુજરાતને વધુ ઉંચાઇ પર લઇ જવા સૌને સાથે મળીને કાર્યરત થવા અનુરોધ કરું છું.

ગુજરાતને વિકાસના માર્ગે આગળ વધારવામાં વિચાર ભેદ ન હોઇ શકે. ગુજરાતના આપણે સૌ નાગરિકો અને પ્રજાજનો નકારાત્મકતાને છોડી હકારાત્મકતાના માર્ગને આગળ વધારીએ. વ્યક્તિગત પ્રગતિ થકી રાજ્યની પ્રગતિ અને રાજ્યની પ્રગતિ થકી રાષ્ટ્રની પ્રગતિના મહત્વના આધારસ્થંભ બને તેવો અનુરોધ કર્યો છે.

શ્રી જીતુભાઇ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતુ કે, ભાજપાની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ભાજપાની હોય ત્યારે ગુજરાતને વધું ઉંચાઇ પર લઇ જવા સૌને ગતિશિલ બનવા અપીલ કરી છે. જનતા જનાર્દનનો શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ વંદન સાથે પુનઃઆભાર માની શાંતિ-એકતા અને પ્રગતિનો માર્ગ કાયમ બનાવી રાખવા વિનંતી કરી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૨ તા.૧૫.૧૨.૨૦૧૭

------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી, પ્રદેશ પ્રભારીશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં**

# આવતીકાલે ૧૬ ડીસેમ્બરના રોજ પ્રદેશ ભાજપાની વ્યવસ્થા બેઠક

------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, આવતીકાલે ૧૬ ડીસેમ્બરના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં વિધાનસભા ચૂંટણી વ્યવસ્થા બેઠક યોજાશે.

પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાનારી આ વ્યવસ્થા બેઠકમાં ૧૮૨ વિધાનસભા બેઠકના વ્યવસ્થા સાથે સંકળાયેલ વિધાનસભાના ચૂંટણી એજન્ટ, વિધાનસભા બેઠકના આચારસંહિતા ઈન્ચાર્જ તેમજ પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

શ્રી ભાવસારે સોશીયલ મીડિયામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રીના નામે ફરતો બેઠકો અંગેનો પત્ર એ નકારાત્મક માનસિકતા ધરાવનારની ઉપજ છે, સત્ય ૧૮મી ડીસેમ્બરે સ્પષ્ટ થઇ જશે તેમ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ